**ક્રિ.કેસ.નં.૧૧૩૬/૨૦૧૪**

**આંક–૧ હેઠળ હુકમ**

કેસ પેપર્સ વંચાણે લીધા. હાલનો કેસ પોલીસ તપાસના ચાર્જશીટ આધારેનો સમન્સ ટ્રાયેબલ કેસ છે. આ કામે આરોપી/સાહેદને હાજર રાખવા પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે છતા પ્રોસેસ બજેલાનુ અને આરોપી મળી આવેલાનું રેકર્ડ ઉપર જણાય આવતુ નથી. આ કેસની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસમાં કોઇ પ્રોગ્રેસ નથી. આજ રોજ નામદાર ગુજારાત હાઇકોર્ટની ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં GSLSA/1286/2017 Dt.15-06-2017 અનુસંધાને આજરોજ રાષ્ટ્રીય લોકઅદાલત યોજવામાં આવેલ છે. સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી ના ઉપરોક્ત પત્રમાં ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૫૮ અન્વયે કાર્યવાહી બંધ કરી નીકાલ કરવા તથા તમામ મૃતપાય (ડેડવુડ) કેસો આઇડેન્ટીફાઇ કરી ડીસ્પોઝ કરવા જણાવવામાં આવેલ છે. હાલના કેસમાં પોલીસ એજન્સી તથા પ્રોસીકયુશન એજન્સી આરોપી/સાહેદોને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે. અને કાર્યવાહી નજીકનાં ભવિષ્યમાં આગળ ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઇ ફળદાયક પરીણામ મળવાની શક્યતા નથી. જેથી હાલના કેસના પ્રકાર ને સજાની જોગવાઇ, પ્રવતમાન વલણને તથા ઉપરોક્ત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી ના પત્રને ધ્યાનમાં લઇને હાલના તબકકે કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૫૮ અન્વયે બંધ રાખવી ન્યાયોચીત જણાય છે. જેથી હાલના કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવા અને કેસ ફેસલ કરવા હુકમ કરવામાં ઓવે છે.

આરોપીએ જો જામીનગીરીની રોકડ રકમ કોર્ટમાં જમા કરાવેલ હોય તો તે રકમ અપીલ સમય વીત્યે સરકાર ખાલસા કરવી. તેમજ મુદામાલ જો હોય તો તે અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે તેમજ જો કોઇ હુકમ થયેલ ન હોય તો મુદામાલનો અપીલ સમય વિત્યે નીમય મુજબ નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ તા.૮મી માહે જુલાઇ સને ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૮–૭–૨૦૧૭
સ્થળ–ખંભાલીયા

(અતુલ મોહનભાઇ વસાવા)
એડી.જ્યુ.મેજી.ફ.ક.,
દેવભુમીધ્વારકા મુ.ખંભાલીયા.